# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૮ અંક : ૨૨૭**



પ્રમુખ

**મણીકાંત મેઘજી મોમાયા**

મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી

**પંકજ હીરજી સાવલા**

મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા

**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩

email : hydkmm@gmail.com

Web : www.kutchibhavanhyd.org



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - **રૂ. ૧/-**



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

છેલ્લા કેટલાક વર્ષોથી યુવાનીમાં અકાળે મૃત્યુ પામનારાઓની દિવસે દિવસે વધતી સંખ્યા ચિંતાનો વિષય બનતી જાય છે. આપણે જેને બે-ચાર દિવસોમાં હસતા-ફરતા જોયા હોય અને જોઈને એમ લાગતું પણ ન હોય કે તેમના નખમાંય કોઈ રોગ હોય ! તંદુરસ્ત દેખાતા કોઈને અચાનક એવો તે ક્યો રોગ કે બિમારી આવી જાય છે કે આમ ભર યુવાન વયે કે અકાળે પોતાનું જીવન સંકેલી લે છે. આપણે દરેકને આ બાબતે વિચાર કરવાની, મનોમંથન કરવાની તાતી જરૂરત છે.

આપણે આહાર-વિહાર અને આરામ અર્થાત પ્રકૃતિના કે સૃષ્ટિના ચક્રને તોડતા આવ્યા છીએ. સૃષ્ટિ વિરૂદ્ધનું આચરણ કરવાથી, સત્વશીલ ખોરાકને બદલે કેમિકલ યુક્ત સત્વહીન ખોરાકનું સ્થાન આપણાં જીવનમાં સામેલ કરી લેતા તેના કડવાં પરિણામો ભોગવવાનો વારો આવ્યો છે. વારે તહેવારે આયોજનારા નાના-મોટા ખુશીના પ્રસંગો દરમ્યાન ઊભા-ઊભા ઢોરની જેમ હાલતા-ચાલતાં ચાવ્યા વગર જે આવે તે પેટમાં પધરાવવાની રીતને લીધે તથા શાંતિથી એક જગા પર પલાંઠી વાળીને પ્રભુનું નામ સ્મરણ કર્યા વગર દિવસ-રાત્રીની મર્યાદા રાખ્યા વગરના આચરણને લીધે આપણું શરીર વધુ ને વધુ નબળું અને રોગ કે બિમારીઓનો શિકાર બને છે.

ભૌતિક સગવડોને વધુને વધુ જીવનમાં ઉતારતા જઈએ છીએ રમત-ગમત, યોગ આસનોની અમુલ્ય વિદ્યાથી વિમુખ બનતા જઈએ છીએ. પશ્ચિમી દેશો આપણી સંસ્કૃતિ જેવા કે યોગાસનો, ધ્યાન, જપ, મેડીટેશન ને સહર્ષ અપનાવતા રહ્યા છે અને આપણે પશ્ચિમી સંસ્કૃતિઓનું આંધળુ અનુકરણ કરતા જઈએ છીએ.

ટુંકમાં કહેવાનું એ છે કે જાગ્યા ત્યારથી સવાર સમજીને આહાર-વિહાર-આરામ, વિવિધ રમત ગમતો, ચાલવાની કસરતો, યોગ-મેડીટેશન જેવી વિદ્યાઓને પુનઃ અપનાવી લેવા જેવું છે. પ્રકૃતિને અનુરૂપ જીવનશૈલી અપનાવનાર પશુ-પક્ષીઓ એક વખત જમી લીધા બાદ કે સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પછી આહાર કરતા નથી. તેમની

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો


**www.kutchibhavanhyd.org**

**http://www.asanjokutch.com**

પાસેથી કે આપણા જૈન ધર્મમાંથી શીખ લેવાની આપણને ખાસ જરૂરત છે. અન્યથા પ્રકૃત્તિ વિરૂદ્ધના આચરણ બાદ કડવા પરિણામો ભોગવ્યા સિવાય છૂટકો નથી.

દેશમાં ચુંટણીઓ લગભગ શાંતિપૂર્ણ રીતે થતી જાય છે. આશા રાખીએ કે દેશનું ભવિષ્ય ઉજ્જવળ રાખી શકે એવા નેતાઓ ચૂંટાય અને ખાડે જતું ભારતનું ભવિષ્ય બદલાય, આશાની નવી ચિનગારીઓ લાવે.

શાંતિવન સમિતિ દ્વારા તા. ૪-૫-૨૦૧૪ના કચ્છી ભવનમાં યોજાયેલ 'ગૌરવ અંતાક્ષરી' નો કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો. સંચાલક ટીમને અભિનંદન.



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

ઉનાળાની ગરમી ચરમસીમા ઉપર છે અને આગાહી છે કે 'મે' મહિનામાં ગરમીનો પારો હજુ ઉપર જવાનો છે.

સિઝનની ગરમી તો કુદરતી છે પણ ચુંટણીની રાજકીય ગરમી પણ ચરમસીમા ઉપર છે. આસરે દોઢ મહિનાથી દરેક રાજદ્વારી પક્ષોના નેતાઓ પોતાના પક્ષના પ્રચાર માટે આવી બળબળતી ગરમીમાં પણ દેશના ખુણે ખુણે ફરી વળ્યા છે. તેમાં મોટા પક્ષના નેતાઓ સતત કેટલાય દિવસોથી પ્રચાર અર્થે ૨૦૦/૨૦૦ રેલીઓને સંબોધી રહ્યા છે. તેમની શારીરિક ક્ષમતા પ્રશંનીય છે.

એક બાબત આપણે બધા મતદારોને ખટકતી હશે. છેલ્લી કેટલી ચુંટણીઓ આપણે જોઈ હશે, પણ આ ચુંટણી પ્રચાર સમયે નેતાઓએ એક બીજા ઉપર વ્યક્તિગત કાદવ ઉછાળ્યો છે એવું ક્યારેય જોવા નથી મળ્યું. ચુંટણી અધીકારીએ પણ કબુલ્યું છે કે છેલ્લા ૩૦ વર્ષોમાં આ પહેલી જ વાર જોયું કે દેશના વિકાસના મુદ્દા ઉપર ચર્ચા કરવાની જગ્યાએ આટલી નીચી પાયરી ઉપર આપણા નેતાઓ પહોંચી ગયા છે.

આશા રાખીએ કે ચુંટણીના પરિણામો આવે અને નવી સરકાર સ્થપાય ત્યારે નેતાઓ દ્વેષભાવ ભુલી દેશ સેવા અને દેશના વિકાસ ઉપર ધ્યાન કેંદ્રિત કરે.

**ANU FOOD PRODUCTS**

All Types of **BOMBAY NAMKEEN, KERELA, BANANA CHIPS, POTATO CHIPS, SOYA STICKES, PANI PURI ETC...**

**# 3-2-332. Down to Manju Theatre, Opp. Pochamma Temple, Secunderabad-3**

Wholsellers & Bakers can contact : **99080 21300**

***Salesmen are Welcom***

(જા.ખ.)

# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

દેશભરમાં યોજાયેલ ચુટણીની પ્રક્રિયા લગભગ પુર્ણ થવા આવી છે અને પરિણામની ઇંતેજારી સૌ કોઈને છે. આપણા નવા રાજ્ય તેલંગાનામાં પહેલીવાર ચુંટણી યોજવામાં આવી, અને આ સાથે નવા રાજ્યની સ્થાપના જુન માસથી સાકાર પામશે, નવા રાજ્યની પ્રગતિની મંગલકામના.

આ માસ દરમ્યાન કારોબારી સમિતિની એક સભા તા. ૨૯-૪-૨૦૧૪ના દિવસે યોજવામાં આવી હતી. ખજાનચી શ્રી કિર્તીભાઈ કાપડીયાએ વાર્ષીક આવક-જાવકનો હીસાબ રજુ કરેલ. સમયસર અને ચીવટ પુર્વક વાર્ષિક અહેવાલ પ્રસ્તુત કરવા બદલ ખજાનચી શ્રી કિર્તીભાઈ કાપડીયા અને સહ ખજાનચી શ્રી મનીષભાઈ સાવલાને અભીનંદન.

વર્ષ દરમ્યાન ભવન બુકીંગ સારી હતી અને મેમ્બર પરિવારોએ પણ ભવનનો સારો લાભ લીધેલ.

ત્રણે દવાખાના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર શીફટ કરવામાં આવેલ છે અને નવો ઓફીસ રૂમ પણ તૈયાર થઈ ગયેલ છે.

તા. ૪-૫-૨૦૧૪ના દિવસે શાન્તિવન સમિતિ દ્વારા આયોજીત અંતાક્ષરીના કાર્યક્રમમાં સૌ કોઈએ ભાગ લીધેલ હશે.

મેઈન હોલ, ગ્રીન રૂમ મધ્યે સીલીંગ અને ફરનીચરનું કાર્ય પુર્ણ કરાવવામાં આવેલ છે.

દરેક સમિતિ સંચાલકો પોતાના કાર્ય વ્યવસ્થિત રીતે સંભાળી રહ્યા છે અને દરેક કાર્ય ઉત્સાહપૂર્વક પુર્ણ કરવામાં આવી રહેલ છે.

સમાજની પ્રગતિમાં દરેક જણનું પુર્ણ સહયોગ પ્રાપ્ત થઈ રહેલ છે અને આવશ્યકતા અનુસાર સુધારા વધારા વખતો વખત કરવામાં આવી રહેલ છે. આ કાર્યમાં યૂવાવર્ગનું યોગદાન ખૂબજ આવશ્યક થતું જાય છે. આ માટે વડીલો અને કુટુંબીજનોને વિનંતી કે ભાવી પેઢીને પણ સમાજ સાથે સંકળાવવાની જવાબદારી સમજી આ કાર્યને વેગ આપે, જેથી આપણી સામાજીક અને આર્થિક સધ્ધરતા વધે.

ઘણા નવા કાર્યો કરવાના બાકી છે, અને વિચારાધીન છે દરેક મેમ્બરને વિનંતી કે પોતાના અભીપ્રાયો અને સુધારા બાબતના વિચારો પત્ર થકી ઓફીસમાં મોકલી શકે છે.

શૈક્ષણીક વર્ષ પૂરૂ થઈ ગયેલ છે અને ટુંક સમયમાં પરિણામાં જાહેર થશે, દરેક વિદ્યાર્થીને સફળતા માટે શુભકામનાઓ.

શ્રી જયેન્દ્ર મનસુખલાલ મહેતાના સુપુત્રના લગ્ન નિમિત્તે રૂા. ૧૧૦૦નું અનુદાન ભવનને પ્રાપ્ત થયેલ છે. આભાર.



FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

## ભાવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

★ **હોસ્પિટલ સારવાર માટે નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલા કે દાખલ થયાના બીજા દિવસ સુધીમાં અરજી કરવાની રહેશે, તથા મેડિક્લેમ ઈન્સ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. **ડિસ્ચાર્જ** થયા પહેલાજ હોસ્પિટલ પાસેથી અંદાઝિત ખર્ચનો પત્ર મેળવી અરજી કરવાની રહેશે. મંજુરીની રકમનો ચેક હોસ્પિટલના નામથી જ મળશે.

★ **Diagnostic Testing** : સભ્ય તથા તેમના પરિવારજનો હૈદરાબાદના કોઈ પણ ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૩૫% મજરે મેળવી શકે છે. ૧) ઓરિજિનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપ્સનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે. બીલનું પેમેન્ટ બીલની તારિખથી એક મહિનાની અંદર મજરે લેવાનું રહેશે. બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈ પણ વર્કીંગ દિવસમાં સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે, KMMનો આઈ.ડી. કાર્ડ સાથે લાવવો જરૂરી છે.

★ **મેડિક્લેમ ઈન્સ્યુરન્સ :** ઈન્સ્યુરન્સ પોલિસીની રીન્યુઅલ તારિખના દસ દિવસ પહેલા આપણા એજન્ટ શ્રી મધુ મોદાનીનો સંપર્ક કરશો જેથી તમારી પોલિસી સમયસર રીન્યુ થઈ જાય.

## "CAREER SEMINAR - KVOSS"

**CAREER GUIDANCE SEMINAR 2014 -** Organised by Sri KVO Seva Samaj & Sri KVO Sthanakvasi Jain Mahajan, on 5th & 6th April 2014 DVD's Available for Reference/Viewing with Sri Pankaj Vallabhji Savla - Contact : 9394553154 / 8099966665.

Also Uploaded to You Tube, Search Link for which is :

https://www.youtube.com/results? search query = pankaj+savla

**KVOSS VOL I PART 1 (LINKS FOR RELATED VIDEOS IN EACH PART 1.1 TO 1.4)**

**KVOSS VOL I PART 1,2 AND 3 (LINKS for Related Videos in each part 1.1 TO 1.4)**

**KVOSS VOL II PART 1, 2 AND 3 (LINKS for Related Videos in each part 1.1 TO 1.4)**

I am thankful to Mahek Mahendra Mota and Jay Tarachand Pasad for Technical help & Assistance to upload the above DVD's on You Tube in the above Project.

We have Tried / Experimented to reach the Students of 9th, 10th 11th Standard to GUIDE them in Deciding between various lines of choosing Career Paths for Future Education. If you have any doubt or Problem in Viewing the above programme on you tube, please feel free to contact us on above Mobile nos.

## SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
9848129772

Dear students,

As the annual exams results approach, we from KMM wish you the best of luck for the same. We sincerely wish more number of students pass out with flying colors.

The **Shikshan Sahayata** programme will begin from June 2014. Newly printed forms in **English** will be available in KMM office from 1st June onwards. Parents are requested to go through the changes as prescribed in the format and fill the forms accordingly.

To encourage more number of students from our community to go in for Higher Studies, a Scholarship grant for a meritorious student going in for Post Graduation from the new Academic year 2014-15 has been initiated. The Scholarship amount will be the First Year Fees or Rs. 50,000/- (Rupees Fifty Thousand) whichever is minimum.

**The student will be selected on the following criteria.**

1. Selection will be based purely **on Merit with Highest marks in graduation.**
2. Applicant should have completed his/her graduation with minimum **85.5% or 9CGPA.**
3. Applicant should submit the following documents along with the **application letter** mentioning KMM Membership number of the Parent.

**a. Passport size Photograph.**
**b. Photo copies of Marksheets of Xth, Inter or 12th and Degree all semesters.**
**c. Certificates of Extra-Curricular Activity, if any, in Sports or Arts.**

We request you to avail this opportunity provided by the Samaj.

### SHRI KUTCHHI MITRA MANDAL SHIKSHAN SAMITI

**Presents on 15th June 2014 (Sunday) from 5 pm to 7 pm**

## (FOR YOUNG MATURED AUDIENCE)

Relationships : A talk by **Shri Ramesh Partani** (Renowned Speaker)

The Male-Female relationship is the essence of creation. Prakrati and Purusha in Yoga or Yin and Yang in Chinese Philosophy, the dynamic interplay between the male and female energies in the universe is the basis of existence.

Complementary in nature, they operate very differently. Added to this are the work pressures, stressful life styles, insecurities. Not understanding this, relationships are often under stress.

Talk includes understanding of male and female viewpoints, handling disagreements, hurts and upsets, healing bruised relationships, creating loveand happiness, understanding each other's value system and developing a supportive attitude, creating a family goal and vision etc.,

An informative and lively question answer session will follow the talk.

# સભ્યપદ સમિતિ

સંચાલક : હરેશ હેમરાજ દેઢિયા
૯૨૪૬૧ ૯૪૪૦૫

સહર્ષ જણાવવાનું કે મંડળની ૨૯-૪-૨૦૧૪ નાં મળેલ ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારીની સંયુક્ત સભામાં નીચે જણાવેલ નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | કુમાર જય જયંત ગડા | સાભરાઈ | J/1013/4/14 |
| ૨ | કુમાર વિરલ નિતિન ગાલા | લાખાપર | V/1014/4/14 |
| ૩ | કુમાર તરંગ કિરણ રાંભીયા | સમાઘોઘા | T/1005/4/14 |
| ૪ | શ્રી નિતિન રમેશચંદ્ર લોડાયા | વારાપધર | N/1022/4/14 |
| ૫ | કુમારી બેલા નરેન્દ્ર સાવલા | બેરાજા | B/1013/4/14 |
| ૬ | શ્રીમતી ખુશ્બુ પુનિત સંઘવી | મુન્દ્રા | K/1030/4/14 |
| ૭ | શ્રીમતી દમયંતી ભરત લોડાયા | કુવાપધર | D/1021/4/14 |
| ૮ | કુમાર દર્શન કિશોર છેડા | મોટા આસંબિયા | D/1022/4/14 |
| ૯ | કુમાર જીતેન પંકજ ભણસારી | અંજાર | J/1014/4/14 |
| ૧૦ | કુમાર વિનય માવજી ગાલા | ઉનડોઠ | V/1015/4/14 |
| ૧૧ | શ્રી હરીરામ લાલજીભાઈ પુજારા | અંજાર | H/1024/4/14 |
| ૧૨ | શ્રી કૌશીક જયચંદ મૈશેરી | જખૌ | K/1031/4/14 |
| ૧૩ | કુમાર નિરવ તુષાર સાવલા | સમાઘોઘા | N/1023/4/14 |
| ૧૪ | કુમાર પ્રાણય તુષાર વોરા | નવીનાર | P/1020/4/14 |
| ૧૫ | શ્રીમતી દમયંતી લક્ષ્મીચંદ લોડાયા | મોટી ખાવડી | D/1023/4/14 |
| ૧૬ | શ્રીમતી જીનલ ધવલ વોરા | ગળપાદર | J/1015/4/14 |
| ૧૭ | કુમાર નિહાર હર્ષદ ગાલા | વડાલા | N/1024/4/14 |
| ૧૮ | કુમારી દર્શીની પંકજ રાંભીયા | સમાઘોઘા | D/1024/4/14 |
| ૧૯ | કુમાર ધ્રુવ નિરંજન ચાવડા | અંજાર | D/1025/4/14 |
| ૨૦ | શ્રીમતી રંજન હિતેશ પાસડ | શેરડી | R/1017/4/14 |

*ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન....*

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

**તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક**

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત :

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | કબુતર ને ચણ | ગૌ-ઘાસ |
|---|---|---|---|---|---|---|---|
| શ્રીમતી જયવંતીબેન મગનલાલ મારૂ ના જન્મદિન પ્રસંગે | - | - | ૧ | - | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | - | ૨૫૦ | ૧ | ૨૫૦ | - | - | - |
| સ્વ. લાલજી રવજી દેઢીયા ની પુણ્યતીથી હ : કુમાર | - | - | ૨ | - | - | - | - |
| પ્રીતી પારસ મોરબીયા | - | ૧૦૦૨ | ૨ | - | - | - | - |
| શ્રીમતી નિશા હરીશ ગાલા | - | ૨૦૦૦ | - | - | - | - | - |
| શ્રી નિતિન નાનજી સતરા | - | ૨૦૦૦ | - | - | - | - | - |
| સ્વ. હાસબાઈ રતનશી ગોસર સ્મર્ણાર્થે હ: શ્રી રતનશી તેજશી ગોસર પરિવાર | - | - | ૧૦ | - | - | - | |

| છાસ વિતરણ યોજના : | રકમ |
|---|---|
| કુ. માહિ કેતન દામજી સાવલા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયવંતીબેન નેમજી કાનજી ધરોડ | ૭,૦૦૦/- |
| શ્રીમતી ચંપાબેન નવિન ભેદા- પુણ્યતિથી નિમિત્તે | ૭,૦૦૦/- |
| ચિ. વિપીન, શિતીજ, ધીર, હ: શ્રી નેમજી દામજી કક્કા | ૭૦૦૦/- |
| એક સદગ્રહસ્થ તરફથી | ૫૦૦/- |

| છાસ વિતરણ યોજના : | રકમ |
|---|---|
| શ્રી ઈશ્વરદાસ વેલજી ભાનુશાલી | ૨૧૦૦/- |
| એક સદગ્રહસ્થ તરફથી | ૫૦૦/- |
| શ્રી ત્રીશલા મંડળ | ૭૦૦૦/- |
| શ્રી કાર્તિક હરીશ ગાલા | ૭૦૦૦/- |
| શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર હૈદરાબાદ-સિકન્દ્રાબાદ | ૭૦૦૦/- |

**સુધારો :** શ્રી રમેશ પ્રાણલાલ શાહના ડાયલાસીસ ૫ (પાંચ)ના દાન આવેલ. તે ભૂલથી શ્રીમતી રંજન રમેશ શાહના નામે લખાયલ. ભૂલ બદલ ક્ષમા.

**મૂઠીભર અનાજ યોજના :** ૨૫ કિલો ચોખા - શ્રીમતી સુશીલાબેન દામજી સાવલા,
૭૫ કિલો દાળ (Broken) - ચિ. ધ્રુવી દેઢીયા તરફથી જન્મ દિન પ્રસંગે.

**અવસાન નોંધ :** ૧. સ્વ. હાંસબાઈ રતનશી ગોસર, ગામ હાલાપુર ઉ.વ. ૮૬,
૨. સ્વ. પ્રેમચંદ દેવરાજ ગડા - ગામ ભોજાય, ઉ.વ. ૫૪.

**માનવ મિત્ર અંતિમક્રિયા -** પ્રાર્થના માટે સહાયરૂપ થયા હતા.

# શાંતિવન સમિતિ

સંચાલક : **મહેન્દ્ર દેવશી વોરા, ૯૨૪૬૧૮૫૬૩૧**
સહ સંચાલક : **ભરત જેઠાલાલ ગાલા**

સમિતિ દ્વારા તા ૪ મે ૨૦૧૪ને રવિવારના સાંજના ૫.૩૦ વાગ્યાથી ગૌરવ અંતાક્ષરીનો સંગીતમય કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવેલ.

આ અંતાક્ષરીમાં ભાગ લેનાર ભાઈ-બહેનો ૫૦ વર્ષથી ઉપરની ઉમરના હતા, કુલ્લ આઠ ટીમો હતી અને એક ટીમમાં ત્રણ સભ્ય હતા. ચાર ચાર ટીમના સેમીફાઈનલ થયા બાદ ફાઈનલમાં આવેલ ચાર ટીમોમાંથી પ્રથમ ઈનામ “બોબી” ટીમને મળ્યો, જેના કલાકારો હતાં - ઉર્મીલાબેન ધરોડ, ભારતીબેન દેઢીઆ અને નયનાબેન દેઢીયા દ્વિતીય ઈનામ “ચાંદની” ટીમને મળ્યો જેના કલાકારો હતા, શ્રી ધનેશભાઈ પારેખ, રીટાબેન શાહ અને કિરણબેન પારેખ. બન્ને ટીમોને અભિનંદન. ફાઈનલ રાઉન્ડ ખરેખર રસાકસી ભર્યો રહ્યો. બાકી રહેલ દરેક ટીમોને પણ પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા. દરેક ટીમોનો આભાર. અંદાજિત ૨૭૫ મેમ્બરોએ આ કાર્યક્રમ માણ્યો.

કાર્યક્રમ દરમ્યાન વડિલ દંપતિ કચ્છ ગામ બેરાજાના શ્રી ડુંગરશીભાઈ મુલજી સાવલા તથા શ્રીમતી વિજયાબેન ડુંગરશી સાવલાનો બહુમાન માનદ મંત્રી શ્રી પંકજભાઈ સાવલા અને શ્રીમતી પ્રિતીબેન પંકજ સાવલાના વરદ હસ્તે કરવામાં આવ્યો. ત્યારે શ્રી હરીલાલભાઈ સાવલા, શ્રી અમૃતભાઈ નિશર, શ્રી મનિષભાઈ સાવલા, શ્રી વસંતભાઈ શાહ, શ્રી લહેરચંદ લોડાયા મંચ પર હાજર રહેલ.

કાર્યક્રમમાં એવી રંગત જામી કે એક રાઉન્ડ રમાડવા સ્વયં શ્રી પંકજભાઈ સાવલા પણ મંચ પર આવી ગયા. કાર્યક્રમના સૌજન્યદાતા શ્રી મણીકાન્તભાઈ મોમાયાનો ખૂબ ખૂબ આભાર સાથે સાથે સ્વાદીષ્ટ ભોજન માટે નીલગીરીસનો, સ્ટેજ સજાવટ માટે ભારતીબેનનો, સંગીત માટે શ્રી આનંદનો ત્થા કચ્છી ભવનના સમસ્ત સ્ટાફના અમે આભારી છીએ.

અંતાક્ષરીના કાર્યક્રમની તૈયારી માટે મને જેનો સાથ મળ્યો તે શ્રી મનિષભાઈ સાવલા અને કાર્યક્રમ દરમ્યાન સાથ આપનાર સર્વશ્રી વલ્લભજીભાઈ સાવલા, દામજીભાઈ સાવલા, જય સાવલા, ધૈર્ય મામણીયા, કરણ ગાલા, વિજય દેઢીઆ તથા હિતેન સંગોઈ અને હરેશ દેઢિઆના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

પધારેલ દરેક પ્રેક્ષકોનો આભાર જેમના વિના કાર્યક્રમ અધુરો ગણાય.

દરેકના ચહેરા પર આનંદ નિહાળી અમે ધન્ય બની ગયા.



**વિજયાબેન અને ડુંગરશી મુલજી સાવલા**

**આભાર :** શાંતિવન સમિતિના તા. ૪-૫-૧૪ અંતાક્ષરી કાર્યક્રમ દરમ્યાન અમારા બાઈ અને બાપુજીનું સન્માન કરવા બદલ ધન્યવાદ અને ખુબ ખુબ આભાર. આપણા વડીલ માવિત્રજીનું સન્માન કરવું એ તો શ્રી પ્રભુજીની પુજા-અર્ચના કરવા બરાબર હોય. પૂ.બાઈ અને પૂ. બાપુજીનું જીવન શાંતીપૂર્ણ, ધર્મમય અને સ્વાસ્થય નિર્વિધ્ને પસાર થાય એજ પ્રભૂને પ્રાર્થના.. પુત્રો-જાદવજી ડુંગરશી-દામજી ડુંગરશી તથા સમસ્ત સાવલા પરિવાર (ગામ - બેરાજા)ના વંદન.

# સંસ્થા સમાચાર

**❖ શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ : જીનેશ્વર ધામ.**

આ મહિનાના અતિથી વિશેષ તરીકે શ્રેષ્ઠીવર્ય શ્રી સુશીલકુમાર ધીરજલાલ કાપડીયા રહેશે.

**❖ શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર, હૈદરાબાદ-સિકંદરાબાદ**

શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર હૈદરાબાદ-સિકંદરાબાદની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૭-૪-૨૦૧૪ના હૈદરાબાદમાં યોજાઈ હતી. ચેરમેન શ્રી નલીન મહેન્દ્ર શાહે સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત સભ્યોને આવકાર્યા હતા.

મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સમીર રમેશ વોરાએ વાર્ષિક અહેવાલની રજુઆત કરી હતી. ડાયરેક્ટર ફાયનાન્સ શ્રી શાંતિલાલ મણીલાલ વોરાએ હિસાબની રજુઆત કરી હતી. ખર્ચ બાદ કરતા બાકી રહેતા નફામાંથી સભ્યોને શેર મુડી ઉપર ૯% ડીવીડંડની જાહેરાત કરી હતી.

આ વર્ષે નિવૃત થતા ચાર ડાયરેક્ટર્સની ચુંટણીમાં સર્વશ્રી અશ્વીન પ્રભુલાલ શાહ, કલ્પેશ રમેશ મહેતા, શાંતિલાલ મણીલાલ વોરા અને નલીન મહેન્દ્ર શાહને ચુંટણી અધિકારી શ્રી શ્રેણિક સુરેશ પારેખે ચુંટાયેલા જાહેર કર્યા હતા.

શ્રી રમેશભાઈ મણીલાલ શાહે તા. ૧ અને ૨ નવેમ્બરના હૈદરાબાદમાં આયોજિત ''કચ્છી ગુર્જર જૈન પરિચય મિલન''ની રૂપરેખા આપી હતી. ભાગ લેવા ઈચ્છતા કચ્છી ગુર્જર જૈન યુવક યુવતીઓ **"Kutchigurjarjainhyd.org"** વેબસાઈટ ઉપર ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી શકશે.

વર્ષ ૨૦૧૪-૧૫ માટે નીચે મુજબ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

૧. શ્રી પ્રદિપ કેશવલાલ સંઘવી - ચેરમેન, ૨. શ્રી કિરણ હીરાલાલ શાહ - વાઈસ ચેરમેન, ૩.શ્રી નલીન મહેન્દ્ર શાહ - મેનેજીંગ ડાયરેક્ટર, ૪. શ્રી શાંતિલાલ મણીલાલ વોરા-ડાયરેક્ટર, ફાયનાન્સ.

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **પુત્રી જન્મ** | હિરલ શ્રીપાલ રતનશી દેઢિયા | નાંગલપુર | હૈદરાબાદ |
| **સગપણ નોંધ** | ચિ. નીખીલ કિશોર મગનલાલ દેઢિયા | ભુજપુર | હૈદરાબાદ |
| | ચિ. રૂપલ નવિનભાઈ પારેખ | ગોંડલ | હૈદરાબાદ |
| | ચિ. હેતા હંસકુમાર રાયચંદ સાયલા | સુથરી | હૈદરાબાદ |
| | ચિ. મિતેશ અશ્વિન ધનજી વોરા | મોટા વડાલા | જમશેદપુર |


**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

***Home service Facility is also available***

***Sunday Closed***

Summer Special offer **Mehandi & Self Grooming Courses**

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SONA HANDLOOMS

## *Exclusive Dress Materials*

- **KURTIES**
- **LEGGINGS**
- **LADIES UNDERGARMENTS**
- **NIGHTIES**

**AT WHOLESALE RATE**

Special Offer **30% off** on Ladies Under Garments




Contact : *Ashit Patel*

3-3-116/117, Chappal Bazar,
Near Manjira Hotel,
Opp. Bangalore Iyenger Bakery,
Kachiguda, Hyderabad 500 027.

**Phone : 93910 01176**

(જા.ખ.)


My TOY Club
Discover the World of Toys
A Toy Library...Your Kids will Love
Value for Money
Play & Learn
Clutter Free
Researched Products
Save Time
A club for toddlers
A club for family & group play
A club for Infants
A club for Macho kids
A club for Brainy kids
A club for Independent kids
A club for Cute Dolls
Our Facebook Connect for more details @ My Toy Club
Address : My Toy Club , 4-5-919/ 003, Arhiant Krupa, Kruparam Bagh, Badichowdi - 500095
Tel : Maulik Kakka - 8801956741 / Dipti Kakka - 9391464647 / Sameer Kakka - 9393394041
Toys on Rent & Free Home Delivery

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

- ➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને ઝિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- ➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- ➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- ➢ પાનેતર, પિટ્ઠાવર્ક, તાર કામ સાડી
- ➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વાસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

# શુદ્ધ ઘી ની ઘરમાં બનાવેલ મિઠાઈ



- ❋ પાંચ ધાન્યના (મગદરીયા) લાડું
- ❋ ફીણીયા લાડું
- ❋ ડ્રાયફ્રૂટ લાડું (ઘંઉના)
- ❋ અદરખ ડ્રાયફ્રુટ લાડું

સીવાય

• સાંગલીના ભડંગ • સાંગલીની હળદળ • સાંગલીની કિશ્મીસ • કાળી દ્રાક્ષ
બીજાપુર ની શીંગદાણાની ચટણી અને જુવાર ના ખાખરા
સિકંદરની શીંગ • ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

**●●● પ્રવીણ છેડા - પ્રેમીલા છેડા ●●●**
મો. ૮૯૮૫૭ ૫૯૩૨૦ મો. ૯૦૧૪૬૬૬૯૩૨

(જા.ખ.)

# વિવિધા

## આયુષ્યની લંબાઈ કેટલી ?

હું-તમે-આપણે.... ધન-સંપતિ, સાધન-સામગ્રી એકઠી કરવા દિન-રાત મરણિયા પ્રયાસ કરી રહ્યા છીએ. કોઈ રોજના બે ટંકના ભોજન માટે - તો કોઈ પોતાના કુટુંબ પરિવારના પોષણ માટે તો કોઈ એક-બે નહિં સાત પેઢીના વંશજો બેસીને ખાઈ શકે તેટલું કમાવવા ભેગું કરવા રીતસરના મંડી પડયા છીએ. જો ધર્મ પર શ્રધ્ધા હોય તો સૌ પોત પોતાના નસીબનું ખાઈ-ભોગવી રહ્યા છીએ. પૂર્વના સુકૃત કર્મે સૌ પોત પોતાના નસીબનું ખાઈ-ભોગવી રહ્યા છીએ. પૂર્વના સુકૃત કર્મોના ઉદયે બધુ સમસુતરૂં ખાઈ-ભોગવી રહ્યા છીએ અને આ ભવમાં સારા-ખરાબ કર્મો આગળ માટે ભેગા કરી રહ્યા છીએ. આપણે એ ભુલી ગયા છીએ કે સૌ જીવો પોત-પોતાના કર્મોને આધીન ભોગવટો કરી રહ્યા છે. કોઈએ કહ્યું છે ને કે ''પૂત સપૂત તો કાં ધન સંચય'', ઔર પૂત કપૂત તો કાં ધન સંચય''. અર્થાત તમારા પૂત્રો સપૂત હશે તો તમારાથી સવાયું કરી લેશે પણ પૂત્રો કપૂત નીકળશે તો તમારૂં ભેગું કરેલું દુર્ગતિના માર્ગે ખતમ કરી નાખશે.

એક પળે જીવતાં-જાગતાં-હસતા-કૂદતાં...બીજી પળે સાજા-નરવા રહીએ યા ન રહીયે. સવારે કામ પર ગયેલ સાંજે પાછા ઠીક ઠાક પાછા ફરીએ કે ન ફરીએ... એક પળ બાદ બીજી પળની આપણને કોઈ ગતાગમ નથી છતાં ભેગું કરી લેવા-ઉસેડી લેવા- ભૌતિક શાંતિ મેળવવા માટેની આંધળી દોટ જોઈને એમ થાય છે કે આપણે પોતાને પૂછીએ કે આપણા પોતાની-ખુદની આયુષ્યની લંબાઈ કેટલી ? છે કોઈની પાસે જવાબ?

**– દિનેશ ગોસર**

## પ્રાર્થના

હે દયાના સાગર ! કરૂણાનિધિ ! ઘણાં સમયથી તારા મંદિરે આવવાનું બંધ થયું છે. તારા સ્તુતિ-સ્તવનો અને ભજનો હવે ગવાતા નથી. શરીર વૃદ્ધ-જર્જરિત થવા લાગ્યું છે. યુવાની આખી મોજશોખમાં ગયા પછી જીવનનો મર્મ સમજાયો ત્યારથી તને મળવાની ખૂબજ ઈચ્છા જાગી હતી, પણ ત્યાંતો શરીરજ ભાંગી પડયું. હે પ્રભુ! આજે એકાંતમાં નિરવ અંધારી રાત્રીએ સુમસામ આકાશ ભણી જોઈ રહ્યો છું. કદાચ આકાશમાં તું મને દેખાઈ જાય. ઘણા વખતથી નિદ્રા પણ ઉડી ગઈ છે. આજે તારી ખૂબજ સ્મૃતિ થઈ રહી છે. આંખોમાંથી આંસુ વહી રહ્યા છે. મને મારૂં મૃત્યુ નજીક આવી રહ્યું છે તે માટે નહિં, પરંતુ આ જિંદગીમાં તું મને શું નહિ મળે ? શું હું તારા દર્શન વિના જ દેહ છોડી દઈશ ? આ વિચાર મારા અસ્તીત્વને ઝણઝણાવી જાય છે. હે દયાળુ ? ગમે ત્યારે મારી આંખ મીચાઈ જશે. મને ખબર છે કે જીવનભર ઢસરડા કરી ઉભી કરેલી મહેલાતો અને મનોરથો બધાજ કાળની ગર્તામાં સદા માટે દટાઈ જશે. કશુંય સાથે આવવાનું નથી અને ન આવે તે જ ઈચ્છું છું. કારણ તે હતા માટે તું ન હતો. એ બધું મળ્યું માટે તો તું ન મળ્યો. માટે હે જ્યોતિ સ્વરૂપ ! આજે ઢળતી રાત્રીએ ક્ષિતિજે આથમી રહેલા ચંદ્રની સાક્ષીએ અંતરના ઊંડાણથી તને એટલીજ પ્રાર્થના કરૂં છું, કે હે વિશ્વ વિભુ ! જ્યારે મારી આંખડી મીચાય ત્યારે મારા સૂકાઈ ગયેલા હોઠો ઉપર માત્ર તારૂંજ નામ રમતું રહે ! મુક્તિ મળે કે ના મળે પણ તું તો મળશે જ એનો સતત અહેસાસ રહે પ્રભુ!

**– દિનેશ ગોસર**


HEALTH CARE PRODUCTS & SURGICALS
Walking Aids
Cot
Weel Chairs
Commode
Glucometer
B.P. Moniter
Nebuliser
(જા.ખ.)
for Adult Diapers, Glucometers, B.P. Monitors
Orthotics, Nebulisers & Hospital Needs
Credit
Cards
Accepted
VIVIDHA ASSOCIATES
(A HOUSE OF HEALTH CARE AND SURGICAL NEEDS)
Dr. Melkote Park Lane, Vitthalwadi, Narayanaguda
Ph. (O) : 64592624/96667 70177

# આપણો દેશ - પરદેશીયોની નજરે...

આપણા દેશમાં અનેક ખામીઓ છે - ગરીબી છે, ગંદકી છે, શિસ્તનો અભાવ છે, જરૂરતના સાધનો નથી, સ્વાસ્થ્ય ભણતર એવી ઘણી પાયાની જરૂરત અપુરતી છે. તે છતાંય દેશમાં જે કંઈ પ્રગતિ થઈ છે તેને આપણે અવગણી, બીજા દેશ સાથે સરખામણી કરીએ છીએ અને આપણા દેશની પ્રગતિને ઉતારી પાડીએ છીએ. ભણેલ ગણેલ વર્ગ વોટ આપવા જતો નથી પણ દેશની નીંદા કરવામાં પોતાને ફેશનેબલ સમજે છે.

આ સંદર્ભમાં, પરદેશીઓ આપણા વિષે શું સમજે છે તે **"ન્યુયોર્ક ટાઈમ્સ"**માં આવેલ એક રિપોર્ટથી જાણો- ભારતમાં ચુંટણીની પ્રક્રિયા શરૂ થઈ ત્યારે **ન્યુયોર્ક ટાઈમ્સ**માં નીચે જણાવેલ રીપોર્ટ આવેલ–

## ભારતીય ચુંટણી

આ દુનિયાનો ખરેખર સૌથી મોટો શો (Show-પ્રદર્શન) છે જ્યાં વિવિધતા અને લોકશાહી નીતિની ઉદ્દાત શૈલીવાળી ભાવના ધરાવતી ૭૦ કરોડ જનજાતિ વોટ કરવા વાળી છે, અને પોતાની પ્રાચિન સંસ્કૃતિના ઉજવળ ભવિષ્ય તરફ લઈ જવાની પ્રક્રિયામાં પોતાનો નાનો એવો ભાગ ભજવવાની તૈયારીમાં છે. ચાઈના, બરમા તેમજ અસ્થિર અને હિંસક પ્રવૃત્તિઓ ધરાવતા પાકિસ્તાન જેવા દેશોના પાડોશમાં, આ લોકશાહીની પ્રક્રિયા કોઈ પણ હિસાબે ઓછી પ્રભાવશાળી નથી.

ભારત દેશ સામે ચુનોતીઓ અસંખ્ય છે (કદાચ દુનિયાના કોઈ અન્ય દેશમાં આટલી બધી નહીં હોય) -ખાસ કરીને ત્રાસવાદને નાથી વિકાસ સાધવો. આ બધા પડકાર સામે અને તેમાંય પૃથ્વી ઉપરનો સૌથી વિવિધતા ભર્યો દેશ, જેમાં સેંકડો ભાષાઓ બોલાય છે અને જ્યાં બધાય ધર્મો અને સંસ્કૃતિઓ ફક્ત જીવિત નથી પણ સમૃધ્ધ થાય છે.

**(ભારત) એક એવો અજાયબી ભર્યો દેશ છે –**

- જ્યાં સનાતન હિન્દુ ધર્મ, બૌધ્ધ, જૈન તેમજ શિખ ધર્મની ઉત્પત્તિ થયેલ છે અને જે દુનિયાના સૌથી મોટા દેશોમાં બીજા નંબરે છે.
- જ્યાં ક્રિષ્ચિન ધર્મ ૨૦૦૦ વર્ષથી મોજુદ છે... યહુદીઓનો પ્રાચિન દેવળ અને તેમની વસાહત, રોમન સામ્રાજ્યમાંથી તેઓને ભગાડવામાં આવેલ ત્યારથી મોજુદ છે.
- જ્યાં દલાઈલામા અને દેશ નિકાલ થયેલ તિબેટન સરકાર વસે છે.
- જ્યાં ઝોરાષ્ટ્રિયન પ્રજા પોતાની જન્મભૂમિ પાર્શિયાથી તડીપાર થઈ આવીને ભારતમાં ફક્ત વસ્યા નથી પણ સમૃધ્ધ થયા છે.
- જ્યાં દેશના ૩ પ્રમુખો લઘુમતી ધરાવતા મુસ્લીમ હતા, શિખ પ્રધાનમંત્રી છે અને કેથોલિક ધર્મ પાળતી ઈટાલિયન મહિલા સત્તાધારી પક્ષની પ્રમુખ છે.
- જ્યાં એક મહિલા દેશના પ્રમુખ હતા, એક મહિલા પ્રધાનમંત્રી હતા અને એક લોકસભા સ્પીકર છે.
- જે દેશની સમૃધ્ધ બનતી અર્થવ્યવસ્થા, દર વર્ષે આસરે ૪ કરોડ લોકોને ગરીબી રેખાની ઉપર લાવી રહેલ છે.
- દેશ સામે માની ન શકાયે તેવી પ્રતિકુળ પરિસ્થિતિઓ અને તકલિફો હોવા છતાં, પ્રજાનો આશાવાદ અને થનગનાટ તેની મુવીઝ, વિવિધ કળા, હુન્નર, આર્થિક પ્રગતિ તેમજ લોકશાહીની પ્રક્રિયા તે ખરેખર આશ્ચર્ય પમાડે તેવી છે.
- જે દેશ દુનિયામાં પોતાનો પ્રભાવ પાડવાની કોશિષમાં છે તે દેશમાં દુનિયાના શક્તિશાળી દેશો પોતાનો વગ જમાવવા હંસાતુંસી કરી રહ્યા છે.
- જે દેશમાં આ બધું બની રહ્યું છે અને જેની વસ્તી, દુનિયાની વસ્તીનો ૧૦મો ભાગ છે, તે 'ભારત દેશ' ચુંટણી માટે તૈયારી કરી રહ્યો છે તે ખરેખર સમસ્ત દુનિયા માટે એક પ્રેરણારૂપ છે.

સંકલન અને અનુવાદક : **રમેશ એમ. શાહ – V. Mitchell, New York Times, N.Y.**


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

## ક્રોધનો કુટુંબ

આપણને નાનપણથી જ શિખામણ આપવામાં આવે છે કે બધાથી હળીમળીને પ્રેમથી રહેવાનું. સાવ સાચી વાત છે પણ આજે હું તમને એવા એક કુટુંબની વાત કરૂ છું જેનાથી દુર રહેવામાં જ ડહાપણ છે. આવો તમને એ કુટુંબના સભ્યોનો પરીચય કરાવી દઉ...

- ક્રોધની **મા** છે છળકપટ, જે આંખોમાં રહે છે.
- ક્રોધનો **ભાઈ** છે અહંકાર એટલે અભિમાન, જે અભિમાનથી જીવે છે અને જીવન એમાંજ ખલાસ કરી નાંખે છે.
- ક્રોધની એક **બ્હેન** છે તેનું નામ જીદ છે જે હમેંશા ક્રોધની સાથે જ રહે છે.
- ક્રોધનો **બાપ** પણ છે જેનાથી તે ડરે છે તેનું નામ છે ભય.
- ક્રોધની **પત્ની** હિંસા છે જે છુપાયેલી જ રહે છે પણ ક્યારેક બહાર આવી ખાના ખરાબી કરે છે.
- ક્રોધના **દિકરા**નું નામ છે વેરઝેર જે કોઈને પણ એકલો પાડી હેરાન પરેશાન કરી દે છે.
- ક્રોધની **પુત્રવધુ**નું નામ છે ઈર્ષા જે તેને આગળ વધવા દેતી નથી.
- નિંદા અને ચાડીચુગલી બે ક્રોધની **દિકરીઓ** છે. એક મોં પાસે રહે છે અને બીજી કાન પાસે રહે છે.
- ક્રોધની એક **પુત્રી** ઘૃણા પણ છે જે હમેશા નાકની પાસે જ રહે છે અને વારંવાર મરડાયા કરે છે.
- અને ક્રોધનો નજીકનો **મિત્ર** છે સ્વાર્થ જે હરામની કમાણી ખાવા તલસતુ રહે છે અને તેને હરામનું ખાવામાં જ મજા આવે છે.

***હવે બોલો આ કુટુંબથી દુર રહેવામાં જ શાણપણ છે ને...***

– સંકલન : **લીલાવતી અમૃતલાલ ભેદા**

## સુખી સંસાર માટેના પ્રારંભિક પ્રયાસો

આપણાં સુખનો આધાર માત્ર આપણા સાડા પાંચ, છ કે સાત ફૂટના શરીર સાથે જ નથી. આપણાં સુખનો આધાર પત્ની, પુત્ર, પુત્રી, માતા, પિતા, ભાઈ, બહેન, પાડોશી, મિત્ર, સાથીદારો વગેરે ઘણીબધી વ્યક્તિઓ સાથેના સંબંધ-વ્યવહાર ઉપર રહેલો છે.

સુખી સંસારનું ચિત્ર, અગાઉથી દોરાઈ ગયેલું કોઈ તૈયાર ચિત્ર નથી. કોઈ તૈયાર ફોર્મ્યુલા નથી. એ તો હરપળે દોરાઈ રહેલું ચિત્ર છે. થોડી નાની રેખાઓ એને સુંદર બનાવી શકે છે અને થોડી નાની રેખાઓ એને બગાડી પણ શકે છે. તો પછી આજે એમાં થોડી નાનકડી સુંદર રેખાઓ શા માટે ન ઉમેરવી ?

જો તમે પુરૂષ હો તો - એમ કરવામાં આજનું આ ટાણું ચૂકશો નહીં અને શરૂઆત તમે તમારી પત્નીથી જ કરજો.

તમારી પત્નીની રસોઈનાં તમે અવારનવાર વખાણ કરો છો ખરા ? આજે તમે એની રસોઈનાં જરૂર વખાણ કરજો. તમે એણે પહેરેલી સાડીની પ્રેમભરી નોંધ ક્યારેય લીધી છે ખરી? એની ચીવટની, એના ઘરની (તમારૂં ઘર નહીં) એની પ્રશંસા કરી છે ખરી ?

તમે ઘણી વાર એના ઉપર કદાચ ચિડાઈ ગયા હશો, નારાજ થઈ ગયા હશો, પણ આજે તમે એની

સાથે બેસીને ખડખડાટ હસજો. ચાલતી ગાડીમાં પાસે પાસે રહેલાં બે વાસણ અથડાય અને એનો અવાજ થાય, સંસારની ગાડીમાં પણ બે વ્યક્તિઓ વચ્ચે ચણભણ થઈ જાય, પણ માણસ કાંઈ જણસ નથી. એકલી ટકટક કે ઝઘડા કરીને એ સંસારની સફર કરી ન શકે. તો, આજે તમે એની સાથે બેસીને હસવાનું ટાણું ન ચૂકશો.

પતિ-પત્ની બે સાથે જીવતાં હોય ત્યારે એમને એકબીજાની માનસિક હૂંફની ઘણી જરૂર હોય છે. તમે કોઈ સારૂં કામ કરો અને તમારૂં કુટુંબ કે તમારી પત્ની એની સહેજે નોંધ ન લે ત્યારે તમને કેવું લાગે છે ? એવી જ રીતે તમારી પત્ની રસોઈ કરે, કપડાં ધુએ, મકાન શણગારે, તમે માત્ર આંખો બંધ રાખીને આંધળા બની રહો એ કેવું લાગે ?

તમે પુરૂષ કે સ્ત્રી ગમે તે હો, સુખી સંસારનું ચિત્ર તૈયાર કરવા માટે તમે તમારા બાળકને વહાલ કર્યું છે ખરૂં? તમે એની સાથે રમ્યા છો ખરા ? તમે એને તેડીને ફર્યા છો ખરા ? તમે એની સાથે ઘોડો-ઘોડો રમ્યા છો ?

તમે એને કાયમ ઠપકો આપો છો, કારણ કે બાળકને ઠપકો આપવાનું કે વઢવાનું મા-બાપ માટે સામાન્ય હોય છે. પ્રાણી પણ પોતાનાં બચ્ચાંને તે આડુંઅવળું થાય કે ભૂલ કરે ત્યારે ટોકે છે. આ વસ્તુ કુદરતી છે અને બાળકના વિકાસ માટે અમુક અંશે જરૂરી પણ છે, પરંતુ બાળક ભૂલ કરે ત્યારે ધમકાવવાનું કે ટોકવાનું જેટલું જરૂરી હોય છે એટલું જ તેને વહાલ કરવાનું પણ જરૂરી હોય છે.

એણે એક નાનકડી ભૂલ કરી હશે તો તરત જ તમે એને ઠપકો આપ્યો હશે, પણ તેના કોઈ સારા કામ માટે તેને શાબાશી આપી છે ખરી ?

તમે એને કહ્યું હશે કે, “દૂધ ઢોળાઈ ગયું ને ? તમારા હાથે બીજું થાય પણ શું?” (જાણે તમારા હાથે દૂધ કદી ઢોળાયું જ નહીં હોય.

“પેનમાં રીફિલ ચડાવતાં નથી આવડતું ? પુસ્તક કે નોટબુક સાંધતાં નથી આવડતું ? તારૂં થશે શું?” “કાશ, તું જેટલો વધ્યો છે એટલી તારી અક્કલ વધી હોત !”.

તમારે સમજવું જોઈએ કે તમારૂં બાળક તમારાં આવાં પ્રમાણપત્રોની ઝંખના નથી રાખતું. દૂધ ઢોળવા સિવાયનાં બીજાં કામો પણ એણે કર્યા હોય છે અને એ માટે તમારી પાસેથી પ્રશંસાના, વહાલના બે શબ્દો એ ઝંખે છે અને પ્રશંસાના એ બે શબ્દો માટે નજર તમારા ઉપર જ મંડાઈ રહી હશે-એ પાંચ વર્ષનો હશે કે પચીસ વર્ષનો એની નજર તમારા ઉપર મંડાઈ રહી હશે.

તો, આજનું ટાણું તમે ચૂકશો નહીં અને સારૂં કામ કરવા બદલ પ્રોત્સાહનના બે શબ્દો જરૂર કહેજો, જે પણ રીતે એના તરફનું ઋણ અદા થઈ શકે તેમ હોય એ અદા કરવાનું આજે ચૂકશો નહીં. એટલા અંશે તમે જરૂર હળવા થઈ જશો.

છેલ્લે, તમે તમારા પાડોશી સાથે સ્નેહથી ક્યારેય વાતચીત કરી છે ? માણસ ઘણી વ્યક્તિઓ સાથે સંપર્ક રાખે છે, ઘણા નવા સંબંધો બાંધે છે, પણ પોતાના પાડોશી સાથેના સંબંધો કાયમ મીઠા રાખવાનું કામ ભાગ્યે જ કરે છે. આપણી એક જૂની કહેવત છે કે ‘પહેલો સગો પાડોશી’ અને કહેવતમાં બહુ મોટું સત્ય રહેલું હોય છે. નાના-મોટા સુખ-દુઃખમાં, સારા-માઠા પ્રસંગોમાં જો સૌથી વધારે કોઈ મદદરૂપ હોય, સૌથી

વધારે નજીક કોઈ હોય તો એ પાડોશી હોય છે. એની સાથેના મીઠા સંબંધો માણસના જીવનને હરિયાળું રાખે છે.

પણ, પાડોશી સાથેના સંબંધોમાં પણ પત્ની સાથેના સંબંધો જેવું છે. માણસ એની સાથે પ્રેમ કરવાને બદલે ઝઘડો કરવા જલદી તૈયાર થઈ જાય છે. ઘર પાસે પડેલા કચરા માટે, દીવાલ પાસે ઢોળાયેલા પાણી માટે, કાગળના ડૂચા માટે બે પાડોશીઓ વચ્ચે ગાળાગાળી થઈ જાય છે અને મારામારી પણ થઈ જાય છે.

પાડોશીઓ વચ્ચેના સારા સંબંધો માત્ર કોઈ એક પાડોશીના હિતમાં જ નથી હોતા, પણ પાડોશીઓના પરસ્પરના હિતમાં હોય છે. ઈસુ ખ્રિસ્ત કહે છે કે "તારી જાત ઉપર તું જેવો પ્રેમ રાખે છે એવો જ પ્રેમ તારા પાડોશી ઉપર રાખ." નાની-નાની રેખાઓથી જ મહાન ચિત્ર આકાર લે છે. તમે તમારી વ્યસ્તતાને લીધે તમારા મિત્રોને ઘણા વખતથી યાદ કરી શક્યા નથી. તો આજે સુખી સંસારનું ચિત્ર કરવા માટે થોડીક રેખાઓ મિત્રોને યાદ કરવા દોરી નાખો.

આજે તમે કોઈક પ્રિય મિત્રને પત્ર લખી નાખો. કોઈ મિત્રને ફોન કરી નાખો. કોઈક મિત્રને ખાસ યાદ કરીને સંપર્ક કરો.

'પ્રવીણસાગર' ગ્રંથ રચનાર કવિ કહે છે કે માણસને માતા, પિતા, ભાઈ, બહેન એતો કુદરતી રીતે જ મળે છે, પણ આ સંસારમાં સન્મિત્ર તો મહામુશ્કેલીથી મળે છે. જીવમાત્રમાં સ્વાર્થ રહેલો છે. દરેક વ્યક્તિને એના જીવનમાં સ્વાર્થી મિત્રો અને શઠ મિત્રો ભેટી જાય છે. બે મિત્રો વચ્ચે હરીફાઈ પણ હોઈ શકે છે, પરંતુ હંમેશાં એવું જ નથી બનતું. સંસારમાં સન્મિત્ર, જિગરજાન દોસ્ત પણ મળી શકે છે.


અને એવા કોઈ મિત્રો તમારે હોય, કોઈ બાળપણના નિઃસ્વાર્થ ગોઠિયાઓ હોય, તો એ મિત્રતાની સરવાણી વહેતી રાખવા માટે, કામની ધમાલ વચ્ચેથી, સંસારના ધોંધાટ વચ્ચેથી થોડીક પળો કાઢીને મિત્રને ફોન કરી લેજો. એની સાથેની કેટલીક સાદી વાતોથી તમને ઘણો આનંદ મળી શકશે. બચપણમાં દોસ્તી હતી એની નિર્દોષ દોસ્તીની તાજગી તમે માણી શકશો.

સુખી થવા માટે તમે તમારી સાથે કામ કરતા સાથીદારોને એમની કોઈ વિશિષ્ટતા બદલ આજે ખાસ બિરદાવજો. એમની કોઈક ખાસ વિશિષ્ટતાની નોંધ લેવાયાથી એમના આનંદ અને ઉત્સાહમાં વધારો થશે, જે છેવટે તમારા સંબંધોમાં ઉષ્મા લાવશે. ભૂતકાળમાં થયેલી કોઈક ભૂલને પણ કદાચ આ રીતે સુધારી શકાશે.

અહીં આપણે એ સમજવાનું જરૂરી છે કે આપણાં સુખનો આધાર માત્ર આપણા સાડા પાંચ, છ કે સાત ફૂટના શરીર સાથે જ નથી. આપણાં સુખનો આધાર પત્ની, પુત્ર, માતા, પિતા, ભાઈ, બહેન, પાડોશી, મિત્ર, સાથીદારો વગેરે ઘણીબધી વ્યક્તિઓ સાથેના સંબંધ-વ્યવહાર ઉપર રહેલો છે. કોઈ પણ સંબંધમાં તણાવ પેદા થાય એટલે અવ્યવસ્થિત થઈ જાય છે. એમાં ખલેલ પહોંચે જ છે અને ચિત્રનું સૌદર્ય નાશ પામે છે, પરંતુ હરપળે દોરાઈ રહેલા આ ચિત્રમાં તમે કેટલીક નાનકડી રેખાઓ ઉમેરીને સમગ્ર ચિત્રને સુંદર બનાવી શકો છો.

અને એમ કરવા માટે તમે થોડો પ્રેમ તમારી પોતાની જાત સાથે અને તમારાં સ્વજનો સાથે જરૂર કરી લેજો. આ ટાણું ચૂકશો નહી.

— સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# DRINK WATER ON EMPTY STOMACH

*It is popular in Japan today to drink water Immediately after waking up every morning. Furthermore, scientific tests have proven its value. We publish below a description of use of water for our readers. For old and serious diseases as well as modern illnesses the water treatment had been found successful by a Japanese medical society as a 100% cure for the following diseases :*

*Headache, body ache, heart system, arthritis, fast heart beat, epilepsy, excess fatness, bronchitis asthma, TB, meningitis, kidney and urine diseases, vomiting, gastritis, diarrhea, piles, diabetes, constipation, all eye diseases, womb, cancer and menstrual disorders, ear nose and throat diseases.*

**METHOD OF TREATMENT**

1. As you wake up in the morning before brushing teeth, drink 4x160ml glasses of water.
2. Brush and clean the mouth but do not eat or drink anything for 45 minutes.
3. After 45 minutes you may eat and drink as normal.
4. After 15 minutes of breakfast, lunch and dinner do not eat or drink anything for 2 hours.
5. Those who are old or sick and are unable to drink 4 glasses of water at the beginning may commence by taking little water and gradually increase it to 4 glasses per day.
6. The above method of treatment will cure diseases of the sick and others can enjoy a healthy life.

The following list gives the number of days of treatment required to cure/control/reduce main diseases :

1. High Blood Pressure (30 days)
2. Gastric (10 days)
3. Diabetes (30 days)
4. Constipation (10 days)
5. Cancer (180 days)
6. TB (90 days)
7. Arthritis Patients should follow the above treatment only for 3 days in the 1st week, and from 2nd week onwards - daily...

This treatment method has no side effects, however at the commencement of treatment you may have to urinate a few times.

It is better if we continue this and make this procedure as a routine work in our life, Drink Water and Stay healthy and Active.

This makes sense... The Chinese and Japanese drink hot tea with their meals not cold water. Maybe it is time we adopt their drinking habit while eating !!! Nothing to lose, everything to gain...

For those who like to drink cold water, this article is applicable to you.

It is nice to have a cup of cold drink after a meal, However, the cold water will solidify the oily stuff that you have just consumed. It will slow down the digestion.

Once this 'sludge' reacts with the acid, it will break down and be absorbed by the intestine faster than the solid food. It will line the intestine.

Very soon, this will turn into fats and lead to cancer. It is best to drink hot soup or warm water after a meal.

Sankalan by **Pankaj Vallabhji Savla**

**Bags N Legs**
Below Coffee Day
Opp. Zodiac, Himayat Nagar,
Hyderabad-29. Ph : 6668 2402
Meena Karani - 90104 95472

**Bombay Luggage N Novelties**
Near State Bank of Hyderabad &
Metro Diagnostics, Nallakunta,
Hyderabad-44. Ph : 6677 7172
Bharat Karani 98481 85595

**Branded Luggage Bags : VIP, American Tourister, Polo, Sky Bags etc.,**
**School & College Bags : American Tourister, Wild Craft, Sky Bags, Liviya, Pulse Etc.,**

***Ladies Footwear in Wide Range & Much more.....***

• EXCHANGE OFFER FOR YOUR OLD BAGS AVAILABLE.
GET EXCITING EXCHANGE OFFER DISCOUNTS.

(જા.ખ.)

NITIN GALA, Cell : 99630 10657 || श्री || SUNITA GALA, Cell : 94408 75034

**Sri Ridhi Sidhi Snacks & Khakras**

(જા.ખ.)

Specialist in : TAMOTO STICKS, SEZWAN STICKS, ALL TYPES OF SEV, GHATIYA, CHEWDA, BHAKHARWADI.
All Varieties of : SADA KHAKRAS, DIET KHAKRA, MOBILE KHAKRA, SPECIAL MASALA, CHORA PHARI, NACHNI ETC.,

NEW ARRIVAL : PALAK CONE, BANANA SEV, BANANA STICK,
SUMMER SEASON : MANGOES, AFOOS, RATNAGIRI, DEVGAD ONLY.

*4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church, Tilak Road, Hyderabad - 500 001.*

**BULK ORDER - FREE HOME DELIVERY**

**DONATE BLOOD SAVE LIFE**

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**
Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.
• AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
• AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-
**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

## DAUGHTER

A FATHER asked his DAUGHTER : Who would you Love more, Me or your Husband ?
The best reply given by the DAUGHTER :
I Don't know really, but when I see you, I forget him, But when I see him, I remember you...
You can always call your Daughter as Beta, But you can never call your son as Beti...
That's why DAUGHTERS are SPECIAL...
Beti ki mohabbat ko kabhi Aazmana nahi,
Woh phool hai usse kabhi Rulana nahi,
BAAP ka toh Maan hot hai BETI,
Zinda Hone ki PehchanHoti Hai BETI,
Uski Ankhe kabhi Num na Hone dena,
Uski zindagi se khushiya kabhi kam na Hone dena,
Ungli pakad ke kal jis ko Chalaya tha tumne,
Phir Usko hee Doli may Beethana hai tumhe,
Bahut Chota sa Safar Hota hai BETI ka saath.
Bahot kum Waqt ke Liye hoti hai who hamare Pass..!!



**HAPPY DAUGHTER'S WEEK**
**IT'S DAUGHTER'S WEEK...**

If you have a daughter who makes your life
worth living by just being around and
you love her as much as your own Breath...

Daughters are khushee..!
Daughters are angels..!

**Happy Daughters Week !**

- Sankalan **Pankaj Vallabhji Savla**


## “પ્યારો પરિવાર મારો”


પ્યારો પરિવાર મારો ન્યારો પરિવાર
મનડાને એ મનભાયો પરિવાર
બસો પાંચસો ઘર સાથે એક હજાર હાથ
સહુની આંખોનો તારો પરિવાર
આ છે મારો કચ્છી પરિવાર
દુઃખીયાના આંસુ લૂછે,
સુખીયાને સાતા પૂછે
ભૂલ્યાનો ભોમિયો મારો પરિવાર
આ છે મારો કચ્છી પરિવાર
વડીલોની છાંય એમાં
યુવાનીનો લલકાર એમાં...
બાળકોના હાસ્યમાં હસતો પરિવાર
આ છે મારો કચ્છી પરિવાર
આવો સહુ હાથ ભીડી, બનીયે સથવાર
કદમ કદમ કામયાબી એ અમારો નાદ
સૂરમાં મીલાવી સૂર ગાઓ સહુ સાથ
ઉત્તરોત્તર પ્રગતી કરે અમારો પરિવાર
અમારો કચ્છી પરિવાર...

**– કુમુદબેન મહેન્દ્રભાઈ શાહ**

## QUIZ

Solve it
It is a 9 letter world 123456789
If you lose it you die
It you have 234, you can 1234
56 is one type of disease
89 indicates location and time
2 & 7 are same letters
3 & 8 are same letters
5 & 9 are same letters
Guess the word.




# D'signer Dress Materials & Kurties

**(SPECIALLY IN COTTON COLLECTION)**

at *Urmi Manilal Dharod*



4-1-10/101, Panchratan Aprt., Ramkote,
Tilak Road, Opp. Wesly Charch, Hyderabad
Ph : 6534 8809, 92465 08809

**TIMMING : 11.00 AM TO 6.00 P.M.**

**WE ALSO HAVE SUMMER SPECIAL**


## Sharabats

**PINK ROSE, KHUS, CHANDAN**
**TOO COOL FOR HOT SUMMER**


(જા.ખ.)

# SHREE HIND METALS

1-9-6/1, VST to Ramnagar Road, 2nd Right Turn (Steel Bazar)
AZAMABAD, HYDERABAD - 500 020.



## ઈનોગ્રેશન ઓફર



## ઇમીટેશન જવેલરી



## ૨0% ડીસ્કાઉન્ટ



(જા.ખ.)

**રમેશ ગગલાણી : 9391349103 * વેન્કટેશ : 9951080922**




# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

## ANSWER TO THE LAST MONTH'S QUIZ

| | | | |
|---|---|---|---|
| 1. | NTWEAD | - | **WANTED** |
| 2. | WMORUTDRE | - | **MURDER TWO** |
| 3. | GYUBDOARD | - | **BODY GUARD** |
| 4. | UIDGE | - | **GUIDE** |
| 5. | TLEEWIFHEJ | - | **JEWEL THIEF** |
| 6. | UNBHTREGNTINARI | - | **THE BURNING TRAIN** |
| 7. | RTTDHIEEIOS | - | **THREE IDIOTS** |
| 8. | YTBBMAOOOAG | - | **BOMBAY TO GOA** |
| 9. | NGEGSATR | - | **GANGTER** |
| 10. | NSOFAIH | - | **FASHION** |
| 11. | AGCTHAIEN | - | **CHINA GATE** |
| 12. | AMHNSIKRIOMSS | I- | **MISSION KASHMIR** |
| 13. | YESDWENDAA | - | **A WEDNESDAY** |
| 14. | NREINESCHSEAXP | - | **CHENNAI EXPRESS** |
| 15. | EFLHLSOUU | - | **HOUSEFULL** |

Give another meaning to the following words with letter starting with 'P' eg. first quiz - small stone A - Pebble.

1. Small stone
2. Location
3. Human
4. Request
5. Plane operator
6. More
7. Reward
8. Royal Mansion
9. Cushion used for head
10. Scent
11. Coins
12. Foot path
13. Sizzled Corn
14. Master Degree
15. Trousers
16. Short Trip
17. Beautiful
18. Removing the Skin
19. Young one of the dog
20. School Head
21. Dot
22. A fuel
23. Jail
24. Add

Send your right answers in writing to Kutchi Bhavan with your phone number by **31-5-2014.** the name of persons giving correct answers will be published in next issue.

**એપ્રિલ ૨૦૧૪માં આવેલ ક્વીઝના સાચા જવાબ આપનારાઓના નામ :** નિતા ડી. માલદે, સોનલ ગાલા, મૈત્રી નરેન ગોસર બિંદુ નવીન નાગડા, પ્રિતી પરેશ ગાલા, ધર્મી પુર્વેશ મોટા, ગાયેત્રી ઉદય ચાવડા, અલ્પા ડી. શાહ, હર્ષા વિલાસ ગાલા, સ્નેહલ હિમાંશુ ગોસર, વિણા કિશોર ગોસર, પ્રિતી તુષાર સાવલા, સ્મિતા ધર્મેશ મામણિયા, કુમુદબેન મહેન્દ્રભાઈ શાહ, સુધીર ચુનીલાલ ગાલા, બિંદુ જયેશ દેઢિયા, ભારતી ચંદ્રકાંત દેઢિયા, અવનિ નિતિન ગડા, કાશ્મિરા શાહ, વંદના ઉદય દેઢિયા, જીનલ મહેન્દ્ર દેઢિયા, સોનલ ગીતેશ ગાલા, કલ્પના રાજેશ ગડા, નિશા હરિશ ગાલા, સુરભિ ચંદ્રકાંત ગાલા, જ્યોતી લક્ષ્મિચંદ નાગડા, સુશિલા દામજી સાવલા. સહુને અભિનંદન.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS
RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.
(જા.ખ.)

CHEMISTRY COACHING
OFFERED FOR IPE, EAMCET, AIIMS, JIPMER, JEE-MAINS
CONTACT BETWEEN 5 TO 8 P.M.
CHEM - POINT PH : 040-23222624, 9290430337
(જા.ખ.)

# DR. NAVEEN'S PAIN & REHAB CENTER

(PHYSIOTHERAPY CENTER FOR PAIN)

**• AVOID KNEE REPLACEMENT • WITH MANUAL THERAPY**
**• MIGRANES & HEADACHES • CAN BE TREATED.**

**DR. P. NAVEEN KUMAR**
B.P.T. (National Institute of Rehab, Cuttack)
M.P.T. (Ortho) MIAP (Reg No. 8514)
MISCP (Ireland)
Specialist in : Pain (Knee) & Headaches

Shop No. 22, Ground Floor, Santosh Towers, Adj. to Agarwal Chambers,
King Koti 'X' Road, Hyderabad - 1. Mo. : 93924 03507

(જા.ખ.)

**BY APPOINTMENT ONLY : TIMINGS : 10.00 AM. TO 1.00 PM.**

# વંદના પર્લ્સ ડીલર

નું નવું એડ્રસ ૨-એ, સુબોદયા એપાર્ટમેન્ટ, બોગુલકુન્ટા, ફર્નાનડીશ દવાખાનાની બાજુમાં કરવામાં આવેલ છે. તેથી સમસ્ત કચ્છી ભાઈ-બહેનોને જણાવવાનું કે તમારે મોતીના દાગીનાની ખરીદી કરવા માટે ઉપરોક્ત સરનામાં પર આવવું.

આ ફેરફાર એપ્રીલની ૧ તારીખથી કરવામાં આવેલ છે.
ફોન નં. ૨૪૭૫ ૪૨૧૨ અને મોબાઈલ નં. ૯૨૪૬૩૧૯૫૭૫,
૯૯૬૩૨૫૯૨૮૧ પર સંપર્ક કરશોજી.

આ સર્વીસ કાયમ ચાલું રહેશે.

**લી. જીતેન્દ્ર પ્રેમજી ગોગરી**

(જા.ખ.)

# SHREE HIND METALS

1-9-6/1, VST to Ramnagar Road, 2nd Right Turn (Steel Bazar)
AZAMABAD, HYDERABAD - 500 020.

## ઈનોગ્રેશન ઓફર



# ઘરઘંટી

(રજીસ્ટ્રેડ) વોરન્ટી સાથે
પહેલા ૧૦૧ કસ્ટમર માટે
હોમ ડેમો - હોમ ડીલેવરી ફ્રી

સંપર્ક : નીતીન ગાલા : 9963010657

અમારે ત્યાં હોમ એપ્લાયન્સીસ
**પ્રેસ્ટીજ, સુમીત, મેપલ, ગ્રીનચીપ, નેલ્કો**
**ટફવેર, નાયાસા તેમજ ગીફ્ટ માટેની આયટમો મળશે.**

લગ્ન માટે તાંબુ, પીતળ, એલ્યુમીનીયમ, સ્ટીલ
હોલસેલ ભાવે મળશે

| રમેશ ગગલાણી : | વેન્કટેશ : |
|---|---|
| 9391349103 | 9951080922 |

(જા.ખ.)

નોંધ : અમારે ત્યા જુનુ પીતળ, તાંબુ, સ્ટીલ, એલ્યુમીનીયમ, લોઢુ ખરીદવામાં આવે છે.

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

## નવ વર્ષની નવી શુરઆત

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા સ્ટેશનથી રેલ્વે દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન શ્રી સંઘ દ્વારા કરાવવામાં આવે છે.

એવા સુંદર આયોજનનું વધુ થી વધુ સંખ્યામાં લાભ લઈ શ્રી સંઘના ધર્મ પ્રવૃતીઓને અનુમોદીત કરશો.

## "શ્રી પેદ્દતુંબલ તીર્થ યાત્રા તથા શ્રી ભાંડકજી તીર્થ યાત્રા"

શનિવાર તા. ૧૨ જુલાઈ ૨૦૧૪ના રાતના ૧૧.૦૦ વાગે નામપલ્લી સ્ટેશનથી પેદ્દતુંબલ તીર્થ યાત્રા માટે પ્રસ્થાન કરી રવિવાર તા. ૧૩ જુલાઈ ૨૦૧૪ના પોંહચી સંપૂર્ણ દિવસ ધર્મ આરાધના કરી ફરી રાતના ૧૧.૦૦ વાગે આદોની સ્ટેશનથી હૈદરાબાદ પાછા દરશું. નકરો વ્યક્તી દિઠ રૂા. ૬૦૦/- રાખવામાં આવેલ છે.

ગુરૂવાર તા. ૧૪-૮-૨૦૧૪ના નામપલ્લી સ્ટેશનથી ટ્રેન દ્વારા ભાંડકજી તીર્થ યાત્રા માટે પ્રસ્થાન કરશું શુક્રવાર તા. ૧૫-૮-૨૦૧૪ વેલી સવારે ભાંડકજી પહુંચી તીર્થ ક્ષેત્રે સંપૂર્ણ દિવસ ધર્મ આરાધના કરી ફરી સાંજના ભાંડકજી સ્ટેશનથી હૈદરાબાદ પાછા કરશું. નકરો વ્યક્તી દિઠ રૂા. ૧૦૦૦/- રાખવામાં આવેલ છે.

બન્ને યાત્રાનો નકરો રૂા.૧૬૦૦/- હોઈ તુરન્ત પોતાના નામો શ્રી સંઘ પાસે રજીસ્ટર કરાવશો. નામો નોંધવાની છેલ્લી તા. ૧૫ મે ૨૦૧૪ બન્ને યાત્રામાં સાથે જોડાવનાર યાત્રીકોમાંથી લક્કી ડીપ કાઢી પાંચ યાત્રીકોને નોવ્હેબર અથવા ડિસેમ્બર ૨૦૧૪ના આયોજીત શ્રી રાજસ્થાન તીર્થ યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે. આવી સુંદર તકનો લાભ લેવા ચુકશો નહી.

શ્રી રાજસ્થાન તીર્થ યાત્રાનો કાર્યક્રમ વહેલી તકે બહાર પાડવામાં આવશે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર** (હૈ.મું.)